# કાશ્મીરમાં મોદીનો આક્રમક ચૂંટણી પ્રચાર

કિશ્તવાર,તા. ૨૨

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચુંટણી માટે ઝંઝાવતી ચુંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શરૂઆત કરી દીધી હતી અને વિરોધપક્ષો ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં ભાજપની પ્રથમ સરકાર લાવવાના હેતુસર આક્રમક પ્રચાર માટે રણશિંગુ ફુંકતા મોદીએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરનું ભાવી કોઈ એક વ્યક્તિ ઉપર આધારિત રહેશે નહીં. તેમણે એમપણ કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. તેમણે વિરોધપક્ષો ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે આ લોકોને સામાન્ય લોકોની તકલીફની ચિંતા નથી. પુરના કારણે હાલમાં ભારે નુકશાન થયું હતું. સરકાર પુરની પરિસ્થિતિની તક લઈને લુંટ ચલાવવા ઈચ્છુક હતી. જમ્મુ-કાશ્મીરમાં ઘણા વર્ષોથી લુંટ ચલાવવામાં આવી રહી છે. બહુમતી સાથે ભાજપને સત્તા પર લાવવાની વાત કરતા મોદીએ કહ્યું હતું કે તેઓ જમ્મુ-કાશ્મીર માટે વાજપેયી જે સ્વપ્ન જોઈ રહ્યા હતા તે સ્વપ્નને પૂર્ણ કરવા ઈચ્છુક છે. ટુરિઝ્મની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ટુરિઝ્મ વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરી રહેલા ઉદ્યોગ તરીકે છે પરંતુ જમ્મુ-કાશ્મીરમાં તેમાં ઘટાડો થયો છે. સમગ્ર વિશ્વ જમ્મુ-કાશ્મીરની મુલાકાત લે તેવી અમારી ઈચ્છા છે. લોકો વિકાસ ઈચ્છે છે. તેમના બાળકો માટે સારા ભાવિની આશા રાખે છે. આજ કારણસર એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, વિકાસ મંત્ર છે. અમારો મંત્ર સબકા સાથ સબકા વિકાસનો છે. કાશ્મીરી એક કાશ્મીરી છે. કોમવાદ અથવા રાજકારણ સાથે આને જોડવામાં ન આવે તે જરૂરી છે. આગામી પેઢીના ભાવિને બદલી નાખવાનો સમય આવ્યો છે. ભ્રષ્ટાચારને દુર કરી ઈમાનદારી પુર્વક સરકાર સાથે કામ કરવાનો સમય છે. ભ્રષ્ટાચાર ખૂબ મોટા પ્રમાણમાં છે જો આને રોકવામાં આવશે તો રાજ્યની પ્રગતિ માટે જરૂરી ફંડનો ઉપયોગ થઈ શકશે. ફંડની કોઈપણ અછત નથી. જ્યારે પુર બાદ રાહત અને પુનઃ વસવાટ માટે એક હજાર કરોડ જાહેર કર્યા ત્યારે જમ્મુ-કાશ્મીરની સરકાર હચમચી ઉઠી હતી. પરિસ્થિતિને બદલી શકાય છે. ગુજરાતમાં પણ ઓછો વરસાદ થાય છે પરંતુ અમે નર્મદાના શુદ્ધ પાણી હવે પાઈપલાઈન મારફતે ૯૦૦૦ મકાનોમાં વીજળી પુરવઠો આપી શક્યા છીએ. જમ્મુ કાશ્મીર સમગ્ર દેશને વિજળી પુરવઠો આપી શકવાની સ્થિતિમાં છે. ભુટાન અને નેપાળમાં હાઈડ્રો ઈલેક્ટ્રીસીટી પ્રોજેક્ટ છે પરંતુ જમ્મુ કાશ્મીરમાં આના માટે કોઈના માટે સમય નથી. તેઓ પરિસ્થિતિ બદલવા માંગે છે. જમ્મુ કાશ્મીરમાં બે પરિવારોનું શાસન ચાલે છે. જમ્મુ કાશ્મીરમાં યુવાનો રોજગારી ઈચ્છે છે. જો કચ્છ વિકસીત થાય છે તો કાશ્મીર કેમ નહીં. ગુજરાતમાં કચ્છ જિલ્લામાં બહુમતી મુસ્લિમ લોકો છે. કચ્છે ઝડપી પ્રગતિ કરી છે. મોદી આજે સવારે જમ્મુમાં આવી પહોંચ્યા હતા. તે વખતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરમાં પ્રથમ તબક્કામાં વિધાનસભાની ચુંટણીની તૈયારી ચાલી રહી છે.



## અમીર લોકોને એલપીજી પર સબસિડી બંધ જ કરી દેવાશે

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્ર સરકાર અમીર લોકોને એલપીજી પર હાલમાં આપવામાં આવી રહેલી સરકારી સહાયતા એટલે કે સબસિડીને બંધ કરવાની તૈયારીમાં છે. આ અંગે ટુંક સમયમાં જ નિર્ણય કરવામાં આવનાર છે. આ ઉપરાંત નાણાં પ્રધાન અરૂણ જેટલી મુડીરોકાણકારોના હિતમાં વધુ ાસાનુકુળ ટેક્સ વ્યવસ્થા લાવવા માટે પણ આગળ વધી રહી છે. તેમણે કહ્યું હતું કે અમીર લોકોને સબસિડી આપવાનો વધારે ઉપયોગી નથી. અર્થતંત્રને મજબુત કરવા માટે આ દિશામાં ઝડપી પગલા જરૂરી છે. ગ્રાહકોને વાર્ષિક ૧૨ સિલિન્ડર સબસિડીના રેટ પર એટલે કે ૪૧૪ રૂપિયામાં આપવામાં આવે છે. આનાથી વધારે સિલિન્ડરની જરૂર હોવાની સ્થિતીમાં પ્રતિ સિલિન્ડર ૮૮૦ રૂપિયામાં પડે છે. જેટલીએ કહ્યું હતું કે ટોપ પર વ્યક્તિ નિર્ણયની ક્ષમતા રાખતા હોય તો જટિલ નિર્ણય પણ સરળ થઈ જાય છે. હવે કોઈને કોલસા બ્લોક પર નિર્ણય કરવા, સ્પેક્ટ્રમ, નેચરલ ગેસ, ડિઝલ જેવા નિર્ણય કરવા માટે રાહ જોવી પડશે નહી. જેટલીએ કહ્યું હતું કે સત્તામાં આવ્યા બાદ ડિઝલની કિમતોને અંકુશમુક્ત કરવામાં આમે સફળ રહ્યા છીએ. સર્વિસ એન્ડ ગુડસ પર દરખાસ્ત તૈયાર કરી લેવામાં આવી છે. સંસદના સામવારથી શરૂ થઈ રહેલા સત્ર દરમિયાન આના અંગે બંધારણીય સુધારા બિલ રજૂ કરાશે.શ્ લાંબા સમયથી વીમા બિલ પેન્ડિગ છે.

તેમણે કહ્યું હતું કે બિનઅસરકારક ટેક્સ નોટીસથી દેશને બદનામી મળે છે સાથે સાથે રોકાણકારોને ખોટા સંદેશા પણ જાય છે. યોગ્ય ટેક્સ અને કરવેરા વ્યવસ્થાની તેમણે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે જે ટેક્સની માંગ માટે બચાવ ન કરી શકાય તેવી વ્યવસ્થાને અમલી બનાવવાનો કોઈ મતલબ નથી. સાંસદનુ સત્ર સોમવારથી શરૂ થયા બાદ એક મહિના સુધી ચાલનાર છે. બે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજનાર છે.

## બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે કેન્દ્રને પડકાર

કોલકત્તા,તા. ૨૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર શારદા કોંભાંડના સંબંધમાં તેમના પાર્ટીના સાંસદ ની ધરપકડ કરી લેવામાં આવ્યા બાદ પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી ભારે લાલઘુમ દેખાઈ રહ્યા છે. મમતા બેનર્જીએ આજે કેન્દ્રમાં મોદી સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા અને બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા ખુલ્લો પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમની અને તેમના પક્ષ સામે પસંદગીના દ્વેશભાવ સાથે પગલા લેવામાં આવી રહ્યા છે. તેમની ધરપકડ કરવા અને પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા મમતાએ કેન્દ્રને પડકાર ફેંક્યો હતો.સાંસદો, ધારાસભ્યો અને પ્રધાનો દ્વારા આ બેઠકમાં હાજરી આપવામાં આવી હતી.બેઠકને સંબોધતા મમતાએ કહ્યું હતું કે, તેમને જેલ ભેગા કરવા તેઓ કેન્દ્રને પડકાર ફેંકે છે. જો અમારા ઉપર હુમલો થશે તો અમે વળતો જવાબ આપીશું. તમામ પડકારોને અમે સ્વીકારી લઈશું. ભાજપના કાવતરા સામે સંગઠીત થવા મમતાએ તેમના કાર્યકરોને અપીલ કરી હતી. અમે મતદાન મારફતે જવાબ આપીશું અને ફરીવાર સત્તા કબ્જે કરીશું. અમે લોકો માટે કામ કરવા માંગીએ છીએ. અસંતોષના મુદ્દે મમતાએ કોઈ વાત કરી નહતી. તૃણમુલ કોંગ્રેસ અને તેમનાથી ભાજપ ભયભીત છે જેથી આવા આક્ષેપો થઈ રહ્યા છે. ગઈકાલે તેમના પક્ષના સાંસદની ધરપકડથી ખળભળાટ મચી ગયો છે.

## ઓસ્ટ્રેલિયાને પરાજિત કરવા ભારત સફળ રહેશે : વિરાટ

મુંબઇ,તા. ૨૨

ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવા ભારતીય ટીમ આજે રવાના થઇ હતી. ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ભારતીય ટીમ પહેલા ચાર ટેસ્ટ મેચ અને ત્યારબાદ ઇંગ્લેન્ડને આવરી લેતી વન ડે શ્રેણીમાં ભાગ લેશે. વિરાટ કોહલીની નેતૃત્વમાં ભારતીય ટીમ પ્રથમ ટેસ્ટ બ્રિસ્બેન ખાતે રમશે. જેમાં વિરાટ કોહલી નિયમિત કેપ્ટન ધોનીની જગ્યાએ કેપ્ટનશીપ કરશે. ઓસ્ટ્રેલિયાના ઐતિહાસિક પ્રવાસે જવા રવાતા થતા પહેલા કેપ્ટન વિરાટ કોહલીએ કહ્યું હતું કે આક્રમક વલણ અને હકારાત્મક વલણ ટીમ ઇન્ડિયા અપનાવશે. તાજેતરના જ શ્રીલંકાની સામે ઘરઆંગણે ભારતે વન ડે શ્રેણી ૫-૦થી જીતી લીધી હતી. જો કે ઓસ્ટ્રેલિયામાં સ્થિતી બિલકુલ અલગ રહેશે. ભારતે છેલ્લે ઇંગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો. જે દરમિયાન ભારતે ખુબ નબળો દેખાવ કર્યો હતો. ભારતીય ટીમ ઇંગ્લેન્ડ સામે ટેસ્ટ શ્રેણી ૩-૧થી હારી ગઇ હતી. જો કે કોહલી આ યાદીનો ભુલી જઇને ઓસ્ટ્રેલિયામાં ટીમના સારા દેખાવની અપેક્ષા રાખે છે. તેનુ કહેવુ છે કે ભારતીય ટીમમાં કુશળ ખેલાડીઓ રહેલા છે. જે શક્તિશાળી સાબિત થઇ શકે છે. ટીમ રવાના થયા તે પહેલા વિરાટ કોહલીએ મુંબઇમાં પત્રકારો સાથે વાત કરી હતી. જીતના સિલસિલાને અમે આગળ વધારવા માટે તૈયાર છીએ. ૨૬ વર્ષીય કોહલીએ કહ્યું હતું કે સૌથી પહેલા ટેસ્ટ શ્રેણી પર ધ્યાન આપીશુ. વિરાટ કોહલી બીજી વખત ઓસ્ટ્રેલિયના પ્રવાસે છે. છેલ્લે ૨૦૧૨માં પણ તે ગયો હતો. એ વખતે એક સદી સહિ ાચાર મેચમાં ૩૦૦ રન કર્યા હતા. ૧૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરી શકે તેવા બોલર પર આધાર રાખશે. સાથે સાથે ઓસ્ટ્રેલિયાની વિકેટ ઝડપી હોવાથી ભારત સાવધાન પણ રહેશે .પ્રવાસ રોમાંચિક રહેશે તેવી શક્યતા છે.

## સીબીઆઇ વડા સહિત છ ટોપ નિમણૂક ટુંકમાં કરાશે

નવી દિલ્હી,તા. ૨૨

નરેન્દ્ર મોદી સરકાર આગામી થોડાક સપ્તાહમાં સીબીઆઈના વડા સહિત ટોપ છ નિમણૂકો કરનાર છે. સરકાર વહેલી તકે આ નિમણૂંક કરીને વિવાદને ટાળવા માંગે છે. સીબીઆઈના વડા ઉપરાંત ઈન્ટેલિજન્સ બ્યુરો એન્ડ રીસર્ચ એનાલીસીસ વિંગ, કેબિનેટ સેક્રેટરી અને ચીફ ઈન્ફોર્મેશન કમીશનરની નિમણૂંકો સૌથી પહેલા કરવામાં આવનાર છે. સુત્રોએ કહ્યું છે કે ઈન્વેસ્ટીગેટિવ એન્ડ ઈન્ટેલિજન્સ માળખામાં ચાવીરૂપ ત્રણ જગ્યાએ સૌથી પહેલા ભરવામાં આવનાર છે. જેના માટે મોદી સરકારે બેસ્ટ ઉમેદવારની પસંદગી કરવા ત્રણ બેંચના અધિકારીઓની યાદી ચકાસણી કરશે. આ હિલચાલ સંકેત આપે છે કે કેન્દ્ર સરકાર માત્ર પસંદગી માટેના આધાર પર કેટલાક પાસાને ધ્યાનમાં લેશે. માત્ર સિનિરોરિટીને જ ધ્યાનમાં સરકાર લેશે નહી. અધિકારીઓના ટ્રેક રેકોર્ડમાં પણ તપાસ કરવામાં આવનાર છે. સીબીઆઈના વડાની જગ્યા હાલ ખાલી થઈ રહી છે. વર્તમાન ડિરેક્ટર રણજીત સિંહાને આવરી લેતા વિવાદના કારણે ભારે ચર્ચા છે. ત્રણ મોસ્ટ સિરિનયર પોસ્ટની સૌથી વધારે માંગ રહે છે. આઈપીએસ અધિકારીઓ બાદ સૌથી વધુ માંગ આ પોસ્ટની રહે છે. આ ત્રણ સંસ્થાઓની અસરકારક કામગીરી પર ઘણી બાબતો આધારિત રહે ચે. જેથી મોદી સરકાર વિવાદાસ્પદ વ્યક્તિને મુકશે નહી. બેસ્ટ ઉમેદવારોના રેકોર્ડની ચકાસણી કરવામાં આવ્યા બાદ નિર્ણય કરવામાંઆવનાર છે. ટોપ નિમણૂંકોને લઈને સંબંધિત અધિકારીઓ અને અન્યોમાં ભારે ચર્ચા છે. જો કે ટુંકમાં સત્તાવાર રીતે જાહેરાત કરાશે.

## ભારતમાં કાશ્મીર મુદ્દો રજૂ કરવા ઓબામાને અનુરોધ

ઈસ્લામાબાદ, તા. ૨૨

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. આગામી વર્ષે જાન્યુઆરીમાં પોતાની ભારત યાત્રા દરમિયાન કાશ્મીર મુદ્દો ઉઠાવવા માટે નવાઝ શરીફે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાને અપીલ કરી છે. બરાક ઓબામા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભારતના પ્રજાસત્તાક દિવસે ચીફ ગેસ્ટ બનવા માટેના આમંત્રણને સ્વીકારી ચુક્યા છે ત્યારે શરીફે આ અપીલ કરી છે. શરીફે કહ્યું છે કે કાશ્મીર મામલાના વિવાદને ઉકેલીને એશિયામાં સ્થાયી શાંતિ, સ્થિરતા અને આર્થિક સહકારને વધારી શકાય છે. શરીફે ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવીને નવી ચર્ચા જગાવી છે. બરાક ઓબામા આગામી વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહેનાર છે. ઓબામા અને નવાઝ શરીફે વાતચીત દરમિયાન દ્વિપક્ષીય સંબંધ અને ક્ષેત્રીય મામલે ચર્ચા કરી હતી. પાકિસ્તાની




વડાપ્રધાનની કચેરી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નવાઝ શરીફે ઓબામા સમક્ષ ભારતીય નેતૃત્વની સામે કાશ્મીર મુદ્દાને ઉઠાવવા માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે સમગ્ર એશિયામાં આ જટિલ મામલો છે.

અમેરિકી પ્રમુખ સાથે ફોન પર વાતચીત દરમિયાન શરીફે સંબંધોને આગળ લઈ જવા માટે આ વર્ષે પોતાના ભારત પ્રવાસનો પણ ઉલ્લેખ કર્યો હતો. શરીફે આ વર્ષે ભારતમાં મે મહિનામાં સામાન્ય ચૂંટણી બાદ ભાજપની ઐતિહાસિક જીત બાદ વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની શપથવિધીમાં હાજરી આપી હતી. તેઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા દિલ્હી પહોંચ્યા હતા. પાકિસ્તાની વડાપ્રધાન શરીફે આક્ષેપ કર્યો હતો કે ભારતે વિદેશ સચિવ સ્તરની વાતચીત રદ કરવા અને અંકુશ રેખા પર ગોળીબાર કરીને સ્થિતીને જટિલ બનાવી દીધી છે.શરીફે કહ્યું હતું કે ભારત પાકિસ્તાનની સાથે સંબંધો સામાન્ય બનાવવા માટે ઈચ્છુક નથી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન દ્વિપક્ષીય વાતચીતને શરૂ કરવા માટે તૈયાર છે. ભારત યોગ્ય વાતાવરણ સર્જે તે જરૂરી છે. પાકિસ્તાન તરફથી જારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઓબામાએ તમામ બાબતો તરફ ધ્યાન આપ્યું છે. શરીફે અમેરિકા પ્રમુખ ઓબામાને પાકિસ્તાન આવવા માટે આમંત્રણની યાદી અપાવી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાની લોકો તેમનુ સ્વાગત કરવા ઉત્સુક છે. દરમિયાન વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે શરીફની સાથે ફોન પર વાતચીત દરમિયાન ઓબામાએ સ્થિર, સુરક્ષિત અને સમૃદ્ધ પાકિસ્તાન તેમજ ક્ષેત્રીય વિસ્તારમા સંબંધોને મજબુત કરવાના મુદ્દે ચર્ચા કરી હતી.

## ડોન અબુ સાલેમ આત્મકથા લખવામાં વ્યસ્ત છે : હેવાલ

મુંબઈ,તા. ૨૨

મુંબઈ અંડરવર્લ્ડ ના સૌથી ખતરનાક અને રોમાંચક ગેંગસ્ટર્સ પૈકીના એક અબુ સાલેમ જેલમાં આત્મકથા લખી રહ્યો છે. આ કામમાં તેની મદદ કરવામાં તેના મિત્રો જ આગળ આવ્યા છે. માત્ર આઠમા દોરણ સુધી જ ભણેલા અબુ સાલેમની જેલમાં જ સજા ભોગવી રહેલા તેના બે મિત્રો મદદ કરી રહ્યા છે. સાલેમના બે મિત્રો એમિલ જેરોમ અને મનીશ ટાકુર હત્યાના કેસમાં કારાવાસની સજા ભોગવી રહ્યા છે. બન્ને નેવી સાથે સંબંધ ધરાવે છે.



આ ત્રણેયની મિત્રતા આર્થર રોડ જેલમાં થઈ હતી. આ મિત્રતા મોડેખથી તલોજા જેલ પહોંચ્યા બાદ પણ જારી રહી હતી. અબુ સાલેમની આત્મકથાના ૧૦૦ પાના પૂર્ણ થઈ ચુક્યા છે. આ ૧૦૦ પાનાને ૧૧ જુદા જુદા ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. આ આત્મકતા હજુ આગળ વદી રહી ચે. અબુ સાલેમ ઈચ્છે છે કે તેના પુસ્તકને લોકો વાંચે. તેની એવી ઈચ્છા પણ છે કે આના પર ફિલ્મ બનાવવામાં આવે. તેની ઈચ્છા એવી પણ છે કે તેના પાત્રને ફિલ્મમાં સલમાન ખાન દ્વારા અદા કરવામાં આવે. જો કે આને હજુ સુધી સમર્થન મળ્યું નથી. તેનુ કહેવુ છે કે તે સલમાન ખાન કરતા વધારે ખુબસુરત દેખાય છે. તેનુ કહેવુ છે કે જો દાઉદ, હાજી મસ્તાન પર ફિલ્મ બની શકે છે તો તેના પર કેમ નહી. કોઈ સમય બોલિવુડમાં સાલેમે ભારે આતંક મચાવ્યો હતો. સાલેમ પર હત્યાના કેટલાક મામલામાં સામેલ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સાલેમ પોતાને રોમેન્ટિક રોબિન હુડ કહે છે. જે ગરીબોની મદદ કરે છે. તેના વકીલ પિતાના મોત બાદ ઉત્તરપ્રદેશના આઝમગઢમાં રહેનાર તેના પરિવારને કેવી તકલીફ થઈ હતી તેના પર પણ તે પ્રકાશ ફેંકી રહ્યો છે. તે પોતાના પરિવારને ખુશ કરવા વધારે નાણાં કમાવવાના હેતુથી મુંબઈ આવ્યો હતો. તે ૧૯૮૩-૮૪માં તે મુંબઈ આવ્યો હતો. એક સમયમાં તેની બોલિવુડમાં ભારે દહેશત હતી. ખંડણીની પ્રક્રિયામાં તે સામેલ હતો. તે પોર્ટુગલમાં ઝડપાયો હતો ત્યારબાદ તેને તેની ગર્લ ફ્રેન્ડ સાથે ભારત લવાયો હતો.

### સ્મરણયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

અખબારોમાં સર્વસામાન્ય પ્રજાજનો અને બૌદ્ધિકોના આક્ષેપોના અધધધ અહેવાલો-લખાણો વચ્ચે, કેટલાક કાયદા નિષ્ણાતો, વરિષ્ઠ પત્રકારો અને તંત્રીઓએ પોતે (એમના તંત્રીલેખોમાં) ન્યાયાધીશ મસીપાનો પક્ષ લીધો અને હવે આ બધા આક્ષેપો 'બદનક્ષી' અને 'અદાલતના અવમાન' ની હદને પાર કરી રહ્યા છે, અને તે બંધારણની વિરુદ્ધ છે, એવી ગર્ભિત ચેતવણી આપી. અખબારોએ દ. આફ્રિકાના ન્યાયતંત્રમાંથી કોઈનો વિશ્વાસ ડગી જાય, એવા આરોપોથી દૂર રહેવા સૌને સલાહ આપી.એમાં લખાયું : 'ન્યાયાધીશ મસીપા ક્રિમિનલ જસ્ટીસ ક્ષેત્રે નીવડેલા કાયદાવિદ્ છે, એમની નિષ્ઠા શંકાથી પર છે... આપણા દેશની ન્યાયપ્રણાલિ ઉત્તમ છે, તોય આ ચૂકાદાએ ઘણાને નિરાશ એટલા માટે કર્યા કે, તેમાં તેમની લાગણીઓ સંતોષાતી નહોતી.... ન્યાયાધીશ મસીપાના ચૂકાદા સામેના પ્રતિભાવો સ્વાભાવિક છે, તો પણ એમના પર વ્યક્તિગત આક્ષેપો કરવા કોઈ રીતે યોગ્ય નથી... ન્યાયાધીશ મસીપાએ તેમની સમક્ષ રજૂ થયેલા પુરાવાઓને આધારે ચૂકાદો આપવાનો હતો, સંભવ છે તેમનાથી ભૂલ પણ થઈ હોય, તો પણ અપીલમાં જવાના દરવાજા તો ખુલ્લા જ છે....કારણ કે ન્યાયાધીશ મસીપા બ્લેક (કાળા) આફ્રિકન મહિલા છે એટલે એમની રંગભેદ / જાતિભેદને આધારે ટીકા કરવી સંપૂર્ણપણે નિંદનીય છે... શું આ બ્લેક મહિલા ન્યાયાધીશની જગ્યાએ કોઈ ગોરા મહિલા ન્યાયાધીશ હોત તો એમનો ચૂકાદો જુદો હોત ?...આવા કેસોમાં સાંયોગિક પુરાવાઓને આધારે ચૂકાદો આપવાનો હોય છે, જે ઘણું અઘરું કાર્ય છે.. ન્યાયાધીશ સામેનો આવો વિરોધ એ દર્શાવે છે કે લોકોને અદાલતોની કાર્યપધ્ધતિ અને એમાં ન્યાયાધીશોની ભૂમિકા વિશે પૂરતી જાણકારી નથી....હકીકતમાં પોલીસ (સરકાર) જ પૂરતા પુરાવા રજૂ કરી શકી નથી, એમાં ન્યાયાધીશ શું કરે ?... સામાન્યપણે ન્યાયાધીશોની ટીકા થઈ શકતી નથી, છતાં રચનાત્મક અને ન્યાયપ્રણાલિને મદદગાર થતાં સૂચનો ત્યાં પણ આવકાર્ય ઠરતાં હોય છે... આવા ચૂકાદાઓના અખબારી અહેવાલો કે ટીવી ન્યૂઝ રીપોર્ટને આધારે લોકો પોતાનો મત બાંધતા હોય છે ત્યારે, માધ્યમોએ પણ લોકલાગણી ઉશ્કેરાય નહિ તેનું ધ્યાન રાખવું જોઈએ... ન્યાયાધીશ પરના આરોપો આપણા ન્યાયતંત્રને જ નબળું પાડશે...લોકશાહી પ્રણાલિમાં વાજબી ટીકાઓ જરૂર આવકાર્ય છે, પણ એ કોઈની સામે રંગભેદ કે જાતિભેદને આધારે કરાય ત્યારે તેનું કોઈ મહત્વ રહેતું નથી.... ન્યાયાધીશની ટીકા કરવાનું કામ કાયદો જાણતા બાહોશ કાયદાવિદો પર છોડી જેવું જોઈએ...' વગેરે વગેરે...

(નેટ પરના તાજા સમાચાર કહે છે, ઓસ્કાર (પાંચ વર્ષની જેલની સજા સબબ) જેલમાં છે અને એના વકીલોએ ફીનું જે ધરખમ બિલ ફટકાર્યું છે, તે ભરવાની ઓસ્કારની તાકાત નથી !)

(ક્રમશઃ)



સમાજવાદી પાર્ટીના સુપ્રિમો મુલાયમ સિંહ યાદવે તેમના ૭૬મા જન્મદિને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેષ યાદવ અને અગ્રણી નેતા આઝમ ખાનની ઉપસ્થિતિમાં કેપ કાપી હતી.

## બાંગ્લાદેશમાં હજુ ઘણા આતંકવાદી કેમ્પો સક્રિય

અગરતલા,તા. ૨૨

બાંગ્લાદેશમાં હજુ પણ ઘણા બધા આતંકવાદી કેમ્પ હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ આતંકવાદી કેમ્પોને નષ્ટ કરી દેવા માટે સરહદ સુરક્ષા દળે તેના બાંગ્લાદેશી સમકક્ષને અપીલ કરી છે. બીએસએફના એક ટોચના અધિકારીએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, ૫૭ જેટલા કેમ્પો હાલ ચાલી રહ્યા છે. બાંગ્લાદેશના જુદા-જુદા ભાગોમાં આ આતંકવાદી કેમ્પો સક્રિય છે.ભારત વિરોધી બળવાખોર સંગઠનો આ કેમ્પોમાં સક્રિય થયેલા છે. બોર્ડરગાર્ડ બાંગ્લાદેશને અમે આ કેમ્પોનો સફાયો કરવા અને ત્રાસવાદ સામે પગલા લેવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, આસામ, મેઘાલય, ત્રિપુરા, મણિપુર અને નાગાલેન્ડના બળવાખોર સંગઠનો દક્ષિણી બાંગ્લાદેશમાં ચિત્તાગોમની પહાડીમાં જુદા-જુદા કેમ્પો અને અડ્ડાઓ બનાવી ચુક્યા છે. આ સંગઠનોમાં નેશનલ સોશયલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડનો સમાવેશ થાય છે. બીજીડીના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, બાંગ્લાદેશમાં કોઈપણ કેમ્પોની ઉપસ્થિતિ નથી છતાં વધુ માહિતી માંગવામાં આવી છે. બાંગ્લાદેશ સુરક્ષા દળો ઉત્તર પુર્વના ભારતીય બળવાખોરો સામે પગલા લેવામાં વ્યસ્ત છે.

## ૪૫ દેશને ઓનલાઈન વીઝા આપવા ભારત ઓફર કરશે

નવી દિલ્હી,તા. ૨૨

ભારત વિશ્વના કુલ ૪૫ દેશોના નાગરિકોને હવે ઓનલાઇન વીઝાની સુવિધા આપનાર છે. આની વિધીવત જાહેરાત ૨૭મી નવેમ્બરના દિવસે કરવામાં આવે તેવી શક્યતા છે. જે દેશોને ઓનલાઇન વીઝાની સુવિધા આપવામાં આવનાર છે તેમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જર્મની, ઇઝરાયેલ, જાપાન, યુએઇ, પેલેસ્ટાઇન, જોર્ડન, થાઇલેન્ડ, સિંગાપોર અને રશિયાનો સમાવેશ થાય છે. કેન્દ્રમાં નવી આવેલી મોદી સરકારે ટ્યુરિઝમ અને કલ્ચર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કેન્દ્રિય પ્રધાન મહેશ શર્માએ માહિતી આપતા કહ્યું છે કે વડાપ્રધાને ભારતીય પ્રવાસને ખાસ મહત્વ આપ્યું છે. તેમણે કહ્યું હતું કે અમે દેશની ભવ્ય સાંસ્કૃતિ વિરાસત અને સાંસ્કૃતિને ટ્યુરિઝમ અને ઉડ્ડયન મારફતે વિશ્વ સમક્ષ રજૂ કરવા ઇચ્છુક છીએ. આના માટે નવી યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આનાથી યુવાનોમાં રોજગાર પણ વધસે. મેડિકલ ટ્યુરિઝમ, એડવેન્ચર અથવા તો ગ્રામીણ ટ્યુરિઝમનો સમાવેશ થાય છે. કેટલાક દેશોને પહેલાથી જ વીઝા ઓન એરાઇવલની સુવિધા મળેલી છે. આ દેશોના નાગરિકો પણ આ ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઇઝેશન સ્કીમનો લાભ લઇ શકે છે. જેમા ફિનલેન્ડ, જાપાન, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, કમ્બોડિયા, ઇન્ડોનેશિયામ્યાનમાર, વિયેતનામ, ફિલિપાઇન્સ, લાઓસ અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે. ભારત આગામી દિવસોમાં પ્રવાસ અને સાસ્કૃતિ સંબંધો મારફતે પણ વિશ્વના દેશો સાથે પોતાના સંબંધોને વધુ મજબુત કરવા માટે ઇચ્છુક છે. ૪૫ દેશોને હવે ઓનલાઇન વીઝા સુવિધા ઉપલબ્ધ કરાવાશે. ભારત વિશ્વના દેશોમાં તેની ઉપસ્થિતીને વધુ મજબુત રીતે રજૂ કરવા માટે હવે તૈયાર છે. વડાપ્રધાન મોદીની હાલની વિદેશ યાત્રાઓ ખુબ સફળ રહી છે.

### સમાચાર ઝલક

- ઘોડાસરમાં ૪ વર્ષની બાળકી ખાડામાં પડતાં બચાવવા દોડધામ મચી.
- જમ્મુ-કાશ્મીરની સરહદેથી ભાંગફોડ કરવા માટે ૩૦૦ આતંકવાદીઓ ઘુસણખોરી કરવા તૈયાર.
- પોલિસ અધિકારી રાહુલ શર્મા નિવૃત્ત થતાં જ રાજકારણમાં પ્રવેશવા ઈચ્છે છે.
- રાજ્યમાં ગુલાબી ઠંડીનો અહેસાસ, લઘુત્તમ તાપમાન સમગ્ર રાજ્યમાં નીચું ઉતર્યું.
- ગુજરાતના સરકારી સ્ત્રી કર્મચારીઓને પ્રસુતિની રજાઓ હવે ૧૮૦ દિવસની મળશે.
- મુંબઈમાં નવ વર્ષની બાળકીની અંધશ્રદ્ધામાં બલિ તરીકે હત્યા કરાઈ.
- વોટસઅપ પર ગુણોત્સવના પેપરો ફરતા હોવાનો મામલો ઉગ્ર બન્યો.
- શારદા ચીટફંડ પ્રકરણમાં તૃણમુલ કોંગ્રેસના સાંસદની ધરપકડ કરાઈ.
- મલેશિયામાં ૧૦ ભારતીયોને બંધક બનાવાયા.
- ચીનમાં ૭ નર્સોની ચપ્પા મારી હત્યા કરાઈ.
- જુનાગઢની બેંકમાં કેશિયરે જ આગ લગાડી. ઉચાપત છુપાવવાનો પ્રયાસ.